R.N.I. No. : 66450/97 GAMC NO. : Guj/189 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

email:garvinavkranti @ yahoo.com

ESTD. YEAR - 18 •ISSUE: 02 DATE: 11-01-2014 •SATURDAY• PAGES: 4•PRICE Rs.1 •YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to

સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭



## નાતાલે કેથોલીક ચર્ચ,બગદાદની બહાર કરાયેલ બોંબ હુમલામાં ૩૮ ખ્રિસ્તીઓના મોત અને ૬૦ ખ્રિસ્તીઓ ઘવાયા

નાતાલના તહેવારોમાં બગદાદમાં બોંબ બ્લાસ્ટમાં ૩૮ લોકોના મોત થયા છે અને ૬૦ લોકો જખમી બન્યા છે.આ બોંબ બ્લાસ્ટ કેથોલીક ચર્ચની બહાર કરવામાં આવ્યો હતો,જ્યારે નાતાલની ચર્ચ સર્વીસ પુરી કરીને લોકો પોતાના ઘરે પાછા જઈ રહ્યા હતા ત્યારે આ હુમલો કરવામાં આવ્યો હતો.ખ્રિસ્તીઓના નિવાસસ્થાની બાજુમાં માર્કેટમાં કરવામાં આવેલ બોંબ હુમલામાં ૧૧ ખ્રિસ્તીઓના મોત નિપજ્યા હતા.

ઈરાકમાં ખ્રિસ્તીઓને ધમકી આપવાના હેતુથી આ પ્રકારના હુમલાઓ કરવામાં આવી રહ્યા છે.અમેરિકાએ સદામને પદભ્રષ્ટ કર્યા તેનાથી નારાજ લોકો તેમનો અમેરિકા પરનો ગુસ્સો સ્થાનિક ઈરાકી ખ્રિસ્તીઓ પર ઉતારી રહ્યા છે.૨૦૦૩માં ઈરાકમાં ખ્રિસ્તીઓની વસ્તી ૧.૪ મીલીયન હતી જ્યા અત્યારે પાંચ લાખ લોકોની છે.

ડો.ડેવીડ કુરી પ્રેસિડેન્ટ,સીઈઓ, ઓપન ડોર,યુએસએ કહ્યું હતું કે આ પ્રકારની હિંસા અને હુમલાઓ દ્વારા દેશમાંથી ખ્રિસ્તીઓને તગડી મુકવાનો આ લોકોનો ઈરાદો છે.

મિડલ ઈસ્ટમાંથી ઈસ્લામીક આતંકવાદીઓ દ્વારા ખ્રિસ્તીઓને ખદેડી મુકવાની કોશીશો થઈ રહી છે.ઈરાક માત્ર તે પૈકીનું જ નથી.પરંતુ મિડલ ઈસ્ટમાં આ રીતે બની રહ્યું છે.અમારા એક કાર્યકરે જણાવ્યું હતું કે જો આ પ્રકારની કનડગત જારી રહેશે તો ૨૦૨૦ સુંધીમાં ઈરાકમાંથી ખ્રિસ્તી હિજરત કરી જશે.ઈસ્લામીક કટ્ટરવાદીઓએ આ પ્રકારની ઝુંબેશ ચલાવીને તમામ ખ્રિસ્તીઓને અહીયાની તગેડી મુકવા માંગે છે.

હ્યુમન રાઈટ્સ એક્ટીવીસ્ટ વિલિયમ વર્ડાજે જણાવ્યું હતું કે પાંચ ખ્રિસ્તી કુટુંબો પૈકી ત્રણ કુટંબો દરરોજ દેશ છોડીને જઈ રહ્યા છે.ભવિષ્ય ઈમીગ્રેશન માટે કટોકટી ભર્યું હશે.દેશ છોડી જનારા પોતાની સલામતી માટે દેશ છોડી જઈ રહ્યા છે પરંતુ તેનાથી તેમને ઉજળું ભવિષ્ય મળશે કે કેમ તે શંકા ઉપજાવે છે.



શિયાળાની શરુઆતથી દેશ વિદેશથી ભારતમાં દોડી આવનાર વિવિધ પક્ષીઓ પૈકી ફલેમીગો એક પક્ષીચાહકો માટે નિહાળવાનો અમુલ્ય અવસર છે.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## ઇન્દોરમાં ખ્રિસ્તી પાદરીને ઘર ખાલી કરવાનો સંઘનો આદેશ

પાસ્ટર સામ ડેવીડ, જે ઈન્દોર સીટી,મધ્યપ્રદેશમાં પોતાની ચર્ચમાં સેવાઓ આપે છે તેમને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા તેમનું ભાડાનું ઘર ખાલી કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.ગ્લોબલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયન ક્રિશ્ચિયને તેના રીપોર્ટમાં આ બાબત જણાવી હતી.

૩૭ વર્ષીય પાસ્ટર જે એસેમ્બલી ઓફ ગોડનું કાર્ય કરે છે તેઓ તામીલનાડુના વતની છે.અને તેઓ ચોઈતરામ મંડી પ્લેસ,તેજપુર,ગઢબડી, ઈન્દોર ખાતે ભાડાના મકાનમાં રહે છે.જે ઈન્દોરના રેલ્વે સ્ટેશનથી ૧૨ કી.મી.ના અંતરે આવેલ છે.નિયમિત રીતે જેમ ચર્ચ શરુ થાય છે તેમ સાંજે ૬ વાગ્યે ચર્ચ સર્વીસ તેમના ઘરે ચાલુ થઈ,પ્રાર્થના સભા ચાલુ હતી,પાસ્ટર શામ તેમના વાજીંત્ર અને ૨૫ અન્ય સભ્યો સાથે પ્રાર્થના ગીત ગાતા હતા.એકાદ કલાક બાદ કમલ નામનો ૨૭ વર્ષીય એક વ્યક્તિ દારુ પીધેલ હાલતમાં ત્યાં આવ્યો.અને ઘરનો દરવાજો ખખડાવ્યો.પ્રાર્થના ગીતો અને સંગીતનો અવાજ બહાર જાય નહી માટે દરવાજા બંધ રાખવામાં આવે છે.દરવાજો ખોલીને તે અંદર આવ્યો અને પાસ્ટર શામ જે વાજીંત્ર વગાડતા હતા તે ખુંચવી લઈને ફંકી દીધું.ત્યારે બાદ તે પાસ્ટર શામને મારવા લાગ્યો.સાથે સાથે અસભ્ય અને વર્તન અને ગાળો બોલતો હતો.કેટલાક ત્યાં હાજર સભ્યો તેને પકડીને બહાર લઈ ગયા.

પાસ્ટર શામ આ મકાનના પ્રથમ મજલા પર રહે છે.આ દરમિયાન એક મહિલા જે ભોયતળીયે રહે છે તે પણ આવી.જેની પાસે લોકો પહેલા ટુચકા કરાવવા આવતા હતા પરંતુ હવેથી તેઓ પાસ્ટર પાસે પ્રાર્થનાનો જવાબ મળતો હોવાથી તેણીની પાસે જતા નહોતા તેથી તે ગુસ્સામાં તો હતીજ.તેથી આ મહિલા પર પાસ્ટરની વિરોધી બની ગઈ હતી. આ દરમિયાન આર.એસ.એસના દસ વ્યક્તિઓ આવ્યા અને પાસ્ટરને ઘર ખાલી કરવાનું કહેવા લાગ્યા.પાસ્ટર શામે કહ્યું કે તેઓ ઘર ખાલી કરી દેશે પરંતુ જેટલી ઝડપથી તેમને નવું ઘર મળશે કે તુરતજ તેઓ આ મકાન ખાલી કરી દેશે.ચર્ચના સભ્યોએ પાસ્ટર અને તેમની પત્ની એસ્તર,અને દીકરામાટે પ્રાર્થના કરવા અપીલ કરી છે.

## ઇજીપ્તના પ્રેસિડેન્ટે કોપ્ટીક નેતાઓને મુસ્લીમ-ખ્રિસ્તી એકતાની ખાત્રી આપી



ક્યારેક અને ખુબજ મહત્વનો પ્રસંગ ઈજીપ્ત કેરો ખાતે બન્યો.ઈજીપ્શીયન પ્રેસિડેન્ટ એડલી મનસુર કોપ્ટીક ઓર્થોડોક્સ ચર્ચના પોપ જે દેશના ખ્રિસ્તીઓના સૌથી મોટા વડા છે, તે તવાડ્રોર્સ દ્રિતીયને રુબરુ મળવા ગયા હતા.તેઓ સેંટ માર્ક કેથેડ્રલ,જે સેન્ટ્રલ કેરો ખાતે આવેલ છે ત્યાં મળ્યા હતા.ચર્ચ દ્વારા જારી કરાયેલ સંદેશામાં જણાવાયું હતું કે આ પ્રકારની મુલાકાત શુભ હેતુથી તેમજ પરસ્પર એકબીજાનો પ્રેમ વધે અને ધનિષ્ટતા વધે માટે થતી હોય છે.જો કે વોઈસ ઓફ રશિયાના રીપોર્ટ મુજબ કોપ્ટીક રાઈટ્સ લોયર નગુઈબ ગ્રેબીયમના જણાવ્યા મુજબ

અનુ. પાન નં. ૨ ઉપર

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

મીડલ ઈસ્ટમાં ખ્રિસ્તીઓની જે સતાવણી થઈ રહી છે તેનાથી વિશ્વભરના ખ્રિસ્તી ધાર્મિક નેતાઓ ચિંતિત છે.પરંતુ આ કારણ પાછળની માન્યતા એ છે કે અમેરિકાની પોલીસીઓનો વિરોધ કરવા માટે કેટલાક કટ્ટરવાદી પરિબળો દ્વારા ખ્રિસ્તીઓને ટાર્ગેટ બનાવીને અમેરિકાને નીચે દેખાડવા કે તેનું નાક દબાવવાનો હેતુ છે.અમેરિકાને  તેની પોલીસીઓ સામે ધર્મને કોઈ લેવાદેવા નથી.તેઓ ધર્મને નામે રાજકારણ રમતા નથી.તેઓ વિશ્વની મહાસત્તા બની રહેવા માટે તેમજ ખનીજ તેલ ભંડારો પર પોતાનો કાબુ રાખવા માટે યેનકેન પ્રકારે હથકંડા અજમાવતા રહે છે.પરંતુ આ બધાની અસરો ખ્રિસ્તી લોકોએ સતાવણી સહન કરીને પુરી કરવાની હોય છે.

તાજેતરમાં બ્રિટનના પ્રીન્સ ઓફ ચાલ્સે મીડલ ઈસ્ટમાં જે પ્રકારે ખ્રિસ્તીઓની સતાવણી થઈ રહી છે તે બાબતે ચિંતા વ્યક્ત કરી અને ચર્ચ લીડરો સાથે આ બાબતે ચર્ચાઓ પણ કરી હતી.ઈજીપ્તમાં બ્રધરહુડના ચુંટાયેલ પ્રેસિડેન્ટ મોહમંદ મોરસીની સરકરાને મીલીટરીએ પદભ્રષ્ટ કર્યા છે.તે પાછળ અમેરિકાનો દોરી સંચાર હોવાનું મોરસીના સર્મથકો માને છે. પરિણામે અમેરિકાએ ખ્રિસ્તીઓનો હમદર્દ છે તેથી ઈજીપ્તના કોપ્ટીક ખ્રિસ્તીઓને નિશાન બનાવાઈ રહ્યા છે. તેઓની હત્યા,ચર્ચો તોડવા,મિલ્કતો લુટી લેવી વિગેરે કાર્યક્રમ ચાલુ છે. પરંતુ તાજેતરમાં મળેલા સમાચારો મુજબ ઈજીપ્તમાં પરિસ્થિતિમાં ફેરફાર થઈ રહ્યો છે.આફ્રિકન દેશોમાં પણ આજ પરિસ્થિતિ છે.ત્યાં મુસ્લીમ કટ્ટરવાદીઓ પોતાની શરિયત મુજબનું શાસન સ્થાપવા માંગે છે અને તેમાં ખ્રિસ્તીઓ અંતરાય રુપ છે તેથી તેમને દુર કરવાના પ્રયત્નો કરવામાં આવે છે. તેથી સરળ બાબતો પૈકી તેઓ ખ્રિસ્તીઓની હત્યા,લુંટ,તોડફોડ વિગેરેનો સહારો લે છે.તેમને હથિયારો પુરા પાડવામાં આવે છે જેથી નિશસ્ત્ર પ્રજા તેમનો મુકાબલો કરી શકતી નથી તેથી તેમને ભોગવવું પડે છે.

આ સમસ્યાએ ગ્લોબલ ક્રાઈસીસ છે અને તેને દુર કરવા માટે અમેરિકાની ઉપર દબાણ લાવવું જરુરી છે.તેની રાજકીય મુરાદોને પુરી કરવા માટે તેમણે અન્યોનો ભોગ ચઢાવવો જોઈએ નહી.આખી દુનિયાનામાં માનવહક્કનો ઝંડો ફરકાવનાર અમેરિકા કેટલા માનવહક્કોનો ભંગ કરે છે. તે વિશ્વમાં ખ્રિસ્તીઓએ ભોગવવી પડતી હાલાકી ઉપરથી માલુમ પડે છે.

---

અનુ. પાન નં ૧ નું ચાલુ

મુલાકાત ઈજીપ્તમાં વસતા ખ્રિસ્તીઓ માટે શુભ બાબત છે.ઈજીપ્શીયન ગર્વન્મેન્ટ સ્ટેટ ઈન્ફોરમેશન સર્વીસની વેબસાઈટના જણાવ્યા પ્રમાણે પ્રેસિડેન્ટ મનસુરે જણાવ્યું છે કે મુસ્લીમ અને ખ્રિસ્તીઓની એકતા મજબુત બનશે.તેથી તેમનો દેશ એકતાથી જોડાશે અને આવનાર કોઈપણ પડકારનો સામનો એકતાથી કરશે.આ બીજી વખત બન્યું છે કે ઈજીપ્તના પ્રેસિડેન્ટે ચર્ચની મુલાકાત લીધી હોય.નાતાલની મુબારકબાદી આપવાની મુલાકાત પણ હોઈ શકે. પ્રથમ વખત પ્રેસિડેન્ટ ગમાલ  અબ્દુલ નાસરે ૧૯૬૮ આ રીતે ચર્ચના વડાની મુલાકાત લીધી હતી.



**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

**વડોદરા ખાતે લવાજમ માટે સંપર્ક કરો**

શ્રી પિયુષભાઈ એ. પટેલ,
૧૦૬,સજની એપાર્ટ,દલાલસ્ટ્રીટ, ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨


**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


## મિડલઇસ્ટમાં ખ્રિસ્તીઓની થઇ રહેલ સતાવણી અંગે પ્રિન્સ ચાલ્સે નારાજીગી વ્યક્ત કરી



પ્રીન્સ ઓફ વેલ્સે જણાવ્યું હતું કે મીડલ ઈસ્ટમાં ખ્રિસ્તીઓની જે પ્રકારે સતાવણી થઈ રહી છે તેનાથી તેઓ અત્યંત દુઃ ખી થયા છે.પ્રીન્સ ચાલ્સેં ચર્ચ લીડરોની મળેલ મીટીંગમાં આ વાત જણાવી હતી.પ્રીન્સ ગાઝી ઓફ જોર્ડન સાથે પ્રિન્સ ચાલ્સે કોપ્ટીક ઓર્થોડોક્સ ચર્ચ સેન્ટર,સ્ટીવેનેજ ખાતે આવેલ છે તેની મુલાકાત લીધી હતી.તેમજ સીરીયીક ઓર્થોડોક્સ કેથેડ્રલ જે વેસ્ટ લંડનમાં છે તેની પણ મુલાકાત લીધી હતી.જ્યાં તેઓને મુસ્લીમ ગ્રુપો દ્વારા મીડલ ઈસ્ટમાં ખ્રિસ્તીઓની સતાવણ થઈ રહી છે તેની વધુ વિગતો પ્રાપ્ત થઈ હતી.

ઈજીપ્તમાં કોપ્ટીક ચર્ચના સભ્યો ઈસ્લામીક ગ્રુપો દ્વારા કરાતાં વારંવાર હુમલાઓના ભોગ બને છે.મુસ્લીમ બ્રધરહુડના પ્રેસિડેન્ટ મોહમંદ મોરસીને પદભ્રષ્ટ કર્યા બાદ સતાવણી ખુબજ વધી ગઈ છે.ચર્ચની મિલકતો, ધરો અને ખ્રિસ્તીઓના ધંધા રોજગાર પર રોજબરોજ હુમલાઓ કરવામાં આવી રહ્યા છે.લુંટ થઈ રહી છે.માનવ હક્કોનો સદંતર અનાદર કરવામાં આવી રહ્યો છે.અને રાજકીય પરિસ્થિતિ અત્યંત દયાજનક બની છે.સીરીયમાં પણ આવી જ સ્થિતિ છે.સીરીયાના ત્રીજા ભાગના નાગરિકો જેઓ ખ્રિસ્તી છે તેઓ હિજરત કરી ગયા છે.ઈરાન અને ઈરાક પણ ખ્રિસ્તીઓ માટે અત્યંત ખરાબ પરિસ્થિતિમાં છે.જયાં ખ્રિસ્તીઓ રહી શકે તેવી સ્થિતિ રહી નથી.ઈરાનીય ખ્રિસ્તીઓની જબરજસ્તીથી ધરપકડ કરીને જેલમાં ધકેલી દેવાઈ રહ્યા છે.ઈરાકમાં ચર્ચો પર સતત હુમલાઓ કરવામાં આવી રહ્યા છે.પ્રિન્સ ચાલ્સૅ મીડલ ઈસ્ટમાંથી હિજરત કરીને આવેલા ખ્રિસ્તી કુટુંબોને મળ્યા હતા.તેમની સાથે તેમનો પડેલ અનો પડતી મુશ્કલીઓ બાબતે ચર્ચા વિચારણા કરી હતી.ત્યાર બાદ તેઓએ ક્લીયન્સ હાઉસ ખાતે એકઠા મળેલ ખ્રિસ્તી લીડરોને આ મુશ્કેલ પરિસ્થિતિ બાબતે સંબોધ્યા હતા.તેમણે જણાવ્યું હતું કે સમગ્ર પરિસ્થિતિનો ચિતાર સાંભળીને હું ખુબજ વ્યથિત બન્યો છું.મીડલ ઈસ્ટમાં ખ્રિસ્તી સમુદાય ખરેખર ભારે મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરી રહ્યો છે.તેમણે કહ્યું હતું કે છેલ્લા વીસ વર્ષોથી હું ઈસ્લામ અને ખ્રિસ્તી સંપ્રદાય વચ્ચે સમજ ઉભી કરવા અને ગેરસમજો દુર કરવા પ્રયત્નશીલ રહ્યો છું.હું માનું છું કે ખરેખર હવે જે સેતું બાંધવાનો પ્રયત્ન હુ કરતો રહ્યો છું તેને  કેટલાક હિતો દ્વારા તોડી પાડવામાં આવી રહ્યો છે.ખોટી ગેરસમજો, જાણી જોઈને ઉભી કરવામાં આવી રહી છે.તેમણે ત્યાંની રાજ્ય સરકારોને ખ્રિસ્તીઓને સલામતી અને રક્ષણ પુરુ પાડવા માટે વિનંતી કરી હતી.તેમણે માનવ અધિકારોનું હનન ન થાય તે પણ જોવા ખાસ જણાવ્યું હતું.કેટલાક લોકો મીડલ ઈસ્ટમાં થઈ રહેલ ખ્રિસ્તીઓની સતાવણી બાબતે જણાવે છે તે વાતને પ્રિન્સ ચાર્લ્સની વાતે ટેકો કર્યો છે.બેરોનેસ વારસીએ તાજેતરમાં આ બાબતને ગ્લોબલ ક્રાઈસીસ ગણાવી હતી.વિશ્વભરમાં તમારા ધાર્મિક હક્કને નકારવામાં આવી રહ્યો છે.તે દુઃખની બાબત છે.આપણે યુએન રીઝોલ્યુએશન કરતાં પણ આગળ જવું પડશે અને તેની ઉપર પ્રેકટીલ એકશન લેવા પડશે.ધર્મના નામે થતી હિંસાઓને વ્યાજબી ઠેરવી ના શકાય તેવું માનનારાઓને પડકારવા પડશે.

જો કોઈ પણ વ્યક્તિ પોતાની ધાર્મિક આસ્થાને કારણે હિજરત કરીને દેશ છોડી દે તો તે આફત અને ખતરા સમાન છે.મીડલ ઈસ્ટમાં ખ્રિસ્તીઓ તેમનું વતન છોડીને ચાલ્યા જવાની ફરજ પડે તે નાલેશી ભર્યું છપ્રિન્સ ઓફ વેલ્સે જણાવ્યું હતું કે  આ વિસ્તારમાંથી ખ્રિસ્તીઓ હિજરત કરી જાય તેનો અર્થ એ છે કે ત્યાંથી શાંતિ ચાલી ગઈ છે.ખ્રિસ્તી સંપ્રદાયનો ઉદય મીડલ ઈસ્ટમાં થયો હતો તેથી તેઓ ખ્રિસ્તના નામમાં તેમના ભાઈઓ અને બહેનો છે



# સાઉથ આફ્રિકાના દિગ્ગજ બેટ્સમેન કાલીસે ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી



સાઉથ આફ્રિકાના દિગ્ગજ ખેલાડીઓ પૈકીના કાલિસે ટેસ્ટ ક્રિકેટને અલવિદા કરી દીધી.ભારત સાથે રમાઇ રહેલ ટેસ્ટ સીરીઝની છેલ્લી ટેસ્ટમાં કાલિસે જાહેર કર્યું હતું કે તેઓ તેમની કારકીર્દીની છેલ્લી ટેસ્ટ રમીને નિવૃત્તિ લઇ લેશે.તેમની ભારત સામેની છેલ્લી ટેસ્ટમાં તેમણે સદી ફટકારીને બતાવી દીધું તેઓ વિશ્વના તખ્તા પર એક ખુબજ પ્રતિભાશાળી ક્રિકેટર હતા.ટેસ્ટ ક્રિકેટમાં તાજેતરમાં ભારતના મહાન બેટ્સમેન સચિન તેદુંલકરે પણ નિવૃત્તિ લીધી હતી.આમ વિશ્વના તખ્તા પર મહાન ખેલાડીઓમાં જેમની ગણના થતી હતી તે પૈકીના ઓસ્ટ્રેલીયાના ભુતપુર્વ કપ્તાન રીકી પોન્ટીગે પણ નિવૃત્તિ લીધી હતી. આમ વિશ્વ સ્તર પર મહાન બેટ્સમેન ગણાતા આ ત્રણ મહાન ખેલાડીઓ હવે નિવૃત્ત થઇ ગયા છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

૧૩,સહયોગ પાર્ક -૧, ન્યુ ગામડી રોડ,આણંદ.૧

**જય ક્રિશ્ચિયન** મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386


# ધરમપુરના પ્રેમી : ભીખુભાઇ

નામ ભીખુભાઈ. કારણ હતું આવું નામ રાખવાનું. એમના જન્મ અગાઉ ચાર ભાઇઓ ગુજરી ગયેલા. માં-બાપ પાપી માનવા લાગ્યા પોતાને. યજ્ઞ કરાવ્યો પછી જન્મ થયો ભીખુભાઈનો. ભગવાન બાળકો આપે છે, પણ લઈ લે છે. એવી માન્યતા દઢ થઈ ગયેલી.ઘરનું ખાવાનું વસ્ત્રો સદતાં નથી એટલે નવ દસ વર્ષના થયા ત્યાં સુધી ભીખુભાઇ માટે ભીખમાંથી ખાવાનું માંગી લાવતા અને કપડાં પણ.ભીખુને કેટલાં વર્ષ થયાં તે ગણવાના નહીં.

સામાન્ય સ્થિતિ. બાપ ગોરપદું કરે. તેઓ ત્રેપને ગયા ત્યારે આવકનો સ્ત્રોત બંધ થઈ ગયેલો.ભીખુને જાહેર પ્રવૃત્તિનો હાઈસ્કુલ કાળથી શોખ. મિત્રો સાથે હળપતિ ફળિયે વર્ગો ચલાવે એ ઉંમરમાં. દ. ગુજરાતનું વાલોડ ગામ આર્દશ ગામ બનવું જોઈએ એવી ધુન ચડેલી મનમાં. સ્નાતક થઈ ગયા એટલે વિચારેલું કે હાઈસ્કુલમાં નોકરી લઈએ તો ગામમાં રહીને ગ્રામ-વિકાસની પ્રવૃત્તિ ચાલુ રાખી શકાય.અહીં વિદ્યાર્થી મંડળ અને ગામની સ્થાપિત નેતાગીરી વચ્ચે ખાસ્સો સંઘર્ષ ચાલ્યો અને હાઈસ્કુલમાં ભીખુજુથને ન રાખ્યું.ઝગડા થયા. સૌ ૧૯૪૮-૫૦ દરમિયાન વેડછી આશ્રમની આવનજાવન ચાલ્યા કરે.ગાંધી આર્દશોની ઉંડી સમજ નહીં પણ આશ્રમ સેવાનું કેન્દ્ર અને ત્યાં મહાન જુગતરામ દવેનું જબરુ આર્કષણ. જેમ જેમ ગામમાંથી રિજેકટ થતા ગયા તેમ તેમ આશ્રમ તરફ જોરથી ખેચાંતા ગયા. વાલોડ છોડવું નહોતું, પણ વાલોડ સ્થાઈ થવા દેવા માંગતું નહોતું.શું કરવું ? જુગતરામ કાકાએ કહ્યું : ગામ તમારા જેવા યુવાનોને સ્વીકારતું નથી તો ગામ છોડી દો.આશ્રમને આવા કાર્યકરની જરુર છે. કાલે જ આવી જજો.નાનકડું માનદ વેતન મળશે અને તમે ઉપાડેલી પ્રવૃતિ પણ ચાલુ રહેશે.ભીખુ પાસે બીજો કોઈ વિકલ્પ નહોતો.આશ્રમ પ્રવૃતિ તો ગમતી જ હતી.૧૯૫૧માં પુરુષ અધ્યાપન મંદિરના શિક્ષક થયા. આતો કેવો ન્યાય કે પ્રાથમિક શિક્ષક થવા તત્પર ભીખુભાઈ વ્યાસ શિક્ષકોના તાલીમ આપનારા થયા.વાલોડમાંથી નિકળીને આદિવાસી સમાજના મોટા વર્તુળમાં પ્રવેશ્યા.મેજ ભીખુભાઈને શિક્ષણ-સ્નાતકની તાલીમ લેવા મોકલ્યા.

લગભગ સમાયંતરે નારાયણ દેસાઈની મંડળી વેડછીની પ્રાથમિક શાળામાં જઈ તાલીમનો પ્રયોગ કરતાં હતા તેમાં તે જોડાયા.સાત આઠ વર્ષના આશ્રમશાળા દરમ્યાન ભુદાન-યજ્ઞનો પ્રારંભ થયો.નારાયણભાઈ તેમાં ગુજરાતના મુખી બન્યા.બધું છોડીને સમાજમાં શિક્ષિત વર્ગને ભુદાનનો સંદેશ પહોચાડવમ વેડછીથી શામળાજીની એક પદયાત્રાનું આયોજન થયું. ત્રણ ટીમ નારાયણભાઈના વડપણ હેઠળ ચાર મહિના પદયાત્રામાં ચાલી.તેમાં ભીખુભાઈના વિચારોનું ખેડાણ થયું.ત્યાંજ સરકારની એક નવી યોજના આવી અને તે વેડછી આશ્રમને જ સોપાઈ.ગામડાનો આયોજનબધ્ધ વિકાસ કરવાનો ,જેમાં ખાદી,ગ્રામોદ્યોગને કેન્દ્રમાં રાખી સ્વરોજગારીના પ્રકલ્પો તૈયાર કરવાના હતા.અખિલ ભારત ખાદિ કમિશનની આ યોજનામાં વાલોડ વિસ્તારનો સમાવેશ થયો. વેડછી અને વાલોડ અડીઅડીને.ભીખુભાઈ અને મિત્રોને વેડછી પ્રદેશ સેવા સમિતિ,વાલોડમાં મોભી થવાનું થયું.

નારાયણ દેસાઈ રાષ્ટ્રીય કક્ષાએ વિનોબાજી અને જે.પી. સાથે પ્રવૃત થયા એટલે એક વર્ષ ભુમિપુત્રના તંત્રી મંડળમાં જોડાવા વડોદરા જઈ વસવાનું થયું.આ નિમિત્તે ભીખુભાઈ ગુજરાતમાં ખુબ ફર્યા.ત્યારબાદ ગ્રામ આયોજનના નમુના ખડા કરવા માટે બોરખડી અને કલમકુઇ ગામે વસવાનું થયું.ત્યાં હાઈસ્કુલ કરવી અને તેમાં નવી તાલીમ દાખલ કરવી એવા વિચારને ઉદારચિત્તે સેવક જુગતરામકાકાના વરદ હસ્તે અમલમાં મુકી.આ નવો પ્રયોગ જોવા મનુભાઈ પંચોલી,રવિશંકર મહેતા, બબલભાઈ મહેતા આવ્યા.આ પ્રયોગ માટે ભંડોળ ભેગુ કરવા ભીખુભાઈ વ્યાસ અમદાવાદ સુર્યકાંત પરિખે ત્યાં આવ્યા ને કામા હોટલમાં સ્વીઝરલેન્ડથી આવેલ એલચી સાથેની મુલાકાતમાં જોડાયા.સૌ પોતાની વાતો કરતા હતા.ભીખુભાઈ પોતાના અધકચરા અંગ્રેજીમાં લોકો સાથે મળીને શાળા ચલાવવાના અનુભવો પેલા એલચીને કહ્યા.એલચીએ તેમને જુદા બોલાવીને કહ્યું કે સ્વીસ એઈડ એબ્રોડના વડા ઓપીલીગર કલમકુઇ ખાતે તમારા પ્રયોગો જોવા આવશે. વિદેશની એનજીઓ નઈતાલીમના પ્રયોગોને જોવા આવે તેવો પહેલો પ્રસંગ હતો.તેઓ ખુબ પ્રસન્ન થયા અને તેમણે વળી ઓસ્ટ્રેલીયાની સીએએની ભલામણ કરી.છાત્રાલય તેઓની સહાયથી બંધાયું.આમ ભીખુભાઈ તેમના અને કાર્યસંગિની કોકિલાબેન સાથે વેશ્વિક સ્તરે નઈ તાલીમને લઈ જવાનું શ્રેય મેળવી શકયા.સીએએના પચ્ચીસ વર્ષે ઓસ્ટ્રેલીયા જઈ ત્યાં પદયાત્રા પણ તેઓએ કરી.

કલમકુઈ છોડી વ્યારા રહેવાનું થયું તો આત્મીય સ્વજન ઝીણાભાઈ દરજીએ પોતાનું નિવાસસ્થાન સોપી દીધું.તેમનીજ પ્રેરણાથી નયામાર્ગ શરુ કર્યું.ઝીણાભાઈના બોરખડીમાં જવાનું થતાં વાલોડ પ્રવૃત્તિના જુના સાથી અને પીટીસીના આચાર્ય કોકિલાબેન સાથે સંપર્ક વધ્યો જે લગ્નસબંધમાં પરિણમ્યો.સ્વીડનની એનજીઓ ટફાના લોકોએ કોકિલાબેનનું કામ જોઈ બોરખડીમાં આવીને સહાય કરી જે છેલ્લા પાંત્રીસ વર્ષથી ચાલુ છે.કોકિલાબેનના મિત્રો પીડવળના હરિચંદ્ર બહેનો,તેમણે ધરમપુરનો સાચો પરિચય કરાવ્યો. અને તેમાંથી બંનેને ધરમપુર પ્રત્યે પ્રથમ દષ્ટિએ પ્રેમ થઈ ગયો.બીજા બધા રસ ઊડી ગયા. અહીં જ સ્થાઈ થયાં.પચાસ રાત્રિશાળાઓ અને તોટલીજ આંગણવાડીઓ જે આજે તો ઈજનેરી સહિતના ઉચ્ચ શિક્ષણ સુધી વિસ્તરેલ છે.છ નિવાસી પ્રાથમિક શાળા,બે નિવાસી ઉચ્ચતર શાળા,એક કન્યા છાત્રાલય,ટેકનીકલ અને વ્યવસાયિક શિક્ષણ સહિત કેટકેટલું ઉમેરાયું. મુંબઈગરા અને વિદેશીઓ દાન આપતા જાય છે.અને ભીખુભાઈ કર્યે જાય છે.૫૦૦થી વધુ ચેક ડેમ બંધાયા,૨૨૫ નવા કુવા, ૪૦૦૦ પાડાઓ ખેતી માટે છેક સૌરાષ્ટ્રમાંથી લાવ્યા.૧,૨૮,૦૦૦ આંબાની કલમો ઉછેરાવી,સાડાત્રણસો યુગલોના સમુહલગ્નો યોજાયા.જંગલ ઉછેર, આરોગ્ય,સુધારેલુ રણ,સરકારી સહાય વગર સો ગામની એસીં હજાર વસ્તીને સમાવતું એક કરોડનું તો બજેટ. શિક્ષણ મફત,બાકી બધું લોકોની પહેલ અને આંશિક ફાળાથી ચાલે છે. વનનો શાંતિવિકાસ એવોર્ડ, ગોધિયા અને દર્શક એવોર્ડ મળ્યા તેનો રાજીપો ખરો પણ કાર્ય અવિરત.

ધરમપુરની સિકલ બદલી નાંખી.નાનપણમાં આડોશપાડોશમાંથી માંગીને જીવનાર ભીખુભાઈએ સવાયું પાછુ વાળી, ભીખુભાઈ વ્યાસનું માનભર્યું નામ આજે ૮૪ વર્ષે ગુંજે છે.જનમ ઉપરવાળો આપે છે.આપણે તેને સાર્થક કરવાનો છે.

ભદ્રાયુ વછરાજાની (સૌ. દિ.ભા)

**વિનંતી**



**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

| અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે. | નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે. |
|---|---|
| શ્રી લોઈડભાઈ ક્રિશ્ચિયન,<br>**જીવન સાહિત્ય ભંડાર,**<br>શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ), અમદાવાદ.૮<br>**ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,**<br>શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,અમદાવાદ.૨૨ | શ્રી ભાઈલાલભાઈ ટેલર,<br>પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ, નડીયાદ.૨<br>શ્રી વિલિયમભાઈ ટી.પરમાર, નવદીપનગર, પવનચક્કી રોડ, નડીયાદ.૨<br>શ્રી.એસ.કે અમીન, આર્શીવાદનગર, રામતલાવડી, નડીયાદ.૨ |

# ૨૦૧૩નુ વર્ષ ખ્રિસ્તીઓ માટે ખુબજ સતાવણીનું વર્ષ રહ્યું



પોપ ફ્રાંસીસે સપ્ટે.૨૩,૨૦૧૩ના રોજ કહ્યું હતું કે વિશ્વભરમાં રહેતા મારા ખ્રિસ્તી ભાઈઓ અને બહેનો પૈકીના ઘણા બધાએ સતાવણીનો સામનો કર્યો છે.હું તેમાંથી બાકાત છું,કે મને સતાવણીની કોઈ અસર થઈ નથી.કે મારા કુટુંબીજનો પૈકી કોઈને આ તકલીફો ભોગવવી પડી નથી.તેથી અન્ય બાંધવો જે સતાવણી ભોગવી રહ્યા છે તેના દુઃખ દર્દ મારા હૃદયને સ્પર્શતાં નથી ? કે તેની મને કોઈ અસર થતી નથી.ઘણા બધા મારા ખ્રિસ્તી ભાઈઓ અને બહેનોએ ઈસુના નામે પોતાના જીવનોના બલિદાન આપ્યા છે.

વિશ્વના ત્રીજા ભાગની વસ્તી ખ્રિસ્તી ધર્મીઓની છે.તેમ છતાં વિશ્વના એવા કેટલાકં વિસ્તારોમાં ઈસુ ખ્રિસ્તમાં વિશ્વાસ ધરાવતા હોવાને કારણે આ ખ્રિસ્તીઓની હત્યા કરવામાં આવી રહી છે.૨૦૧૩ નુ વર્ષ ખ્રિસ્તીઓ માટે ભયંકર સતાવણીનું વર્ષ રહ્યું છે.

ઈજીપ્તમાં ઈસ્લામીક આતંકવાદીઓ દ્વારા ૭૦ ખ્રિસ્તી ચર્ચો અને સંસ્થાનો નો નાશ કરવામાં આવ્યો.છેલ્લા કેટલાક સપ્તાહોથી મુસ્લીમ બ્રધરહુડના સભ્યો દ્વારા કોપ્ટીક ક્રિશ્ચિયનોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે.પરંતુ સત્તાવાળાઓ તરફથી કોઈ પર જાતના પગલાં લેવામાં આવી રહ્યા નથી.જો સ્ટોર્ક,એક્ટીંગ મીડલ ઈસ્ટ ડાયરેકટર, હ્યુમન રાઈટ વોચે, જણાવ્યું હતું કે ઓગષ્ટ બાદ ઈસ્લામીક આતંકીઓએ ખ્રિસ્તીઓ પર ભયંકર હુમલાઓ કર્યા છે,હત્યાઓ કરી છે,ચર્ચો અને ખ્રિસ્તી સંસ્થાનોને તોડી પાડ્યા છે.

૨૦૧૩નુ વર્ષ દરેક ઈજીપ્તવાસી સામે સારુ વર્ષ રહ્યું નથી.મીલીટરીએ લોકશાહી રીતે ચુંટાયેલ મોહમંદ મોરસીની સરકારને જુનમાં ઉથલાવી દીધી હતી.પરંતુ ખ્રિસ્તીઓ આ વર્ષને તેમના માટે અત્યંત ખરાબ વર્ષ ગણશે.માત્ર ઓગષ્ટમાં ૭૯ ચર્ચો પર હુમલાઓ કરવામાં આવ્યા હતા.કેરો ખાતે એક ખ્રિસ્તી લગ્ન પ્રસંગે ગોળીઓ છોડવામાં આવી અને તેમાં ચાર ખ્રિસ્તીઓના મરણ થયા.કેટલાય ખ્રિસ્તીઓ પોતાના ઘરોમાં જ કેદી અવસ્થા ભોગવી રહ્યા છે.તેઓને તેમની જીંદગી બચાવવા માટે જજીયાવેરો ચુકવવો પડી રહ્યો છે.ઈજીપ્તની ૧૦ ટકા વસ્તી જે એકાદ સદીથી વધારે સમયથી દેશનો એક ભાગ છે અને તે ખ્રિસ્તી છે તેઓ તેમનુ હવે ક્યાં સ્થાન હશે તે બાબતે ચિંતિત છે.સાઉથ આફ્રિકન દેશો, નાઈજીરીયા, સુદાન, ઈરાન, ઈરાક,સીરીયા વિગેરે દેશોમાં ૨૦૧૩નું વર્ષ ખ્રિસ્તીઓ માટે અત્યંત ખરાબ સતાવણીનું વર્ષ રહ્યું છે. હજારો ખ્રિસ્તીઓ બેઘર છે કે પોતાના ઘરો છોડીને જાન બચાવવા માટે નાસી છુટ્યા છે કે શરણાર્થી શિબિરોમાં છે.



પાકિસ્તાનમાં સૌથી મોટો હુમલો ખ્રિસ્તીઓ પર કરવામાં આવ્યો જેમાં ૮૨ લોકોના મોત નિપજયા હતા.પ્રત્યેક કુટુંબમાંથી એક કે બે વ્યક્તિઓના જાન ગયા છે તેથી તેઓ નાતાલ કેવી રીતે ઉજવી શકે.ત્યાં.દુઃખ અને નિરાશાનો માહોલ છે. અસુરક્ષાથી પ્રત્યેક ખ્રિસ્તી ચિંતિંત છે.નસરીન અનવરની ૧૪ વર્ષની દિકરી બ્લાસ્ટમાં મૃત્યુ પામી હતી અને ૯ વર્ષની દિકરી ગંભીર રીતે ઘાયલ છે.તેણે એએફપીને આ બાબત જણાવી હતી.૮૨ લોકો એ આત્મઘાતી બોંબ હુમલામાં માર્યા ગયા હતા.ચર્ચ સર્વીસ પુરી થઈ કે તરતજ આત્મઘાતી બોંબરોએ ઓલ સેંટ ચર્ચ,પેશાવર ખાતે હુમલો કર્યો હતો.ત્યાં વસતા પ્રત્યેક કુટુંબ પૈકી કોઈપણ કુટુંબ બાકી નથી કે જે કુટુંબે પોતાના અંગતને આ હુમલામાં ખોયા ન હોય. પાકિસ્તાનમાં ખ્રિસ્તીઓની વસ્તી ૧.૬ ટકા જેટલી છે.આ ઉપરાત ખ્રિસ્તીઓને ઈસ્લામીક કટ્ટરવાદીઓ દ્વારા ધર્મનિંદાના કાયદાનો દુરપયોગ કરીને જેલમાં ધકેલી દેવામાં આવે છે.જેથી તેઓ તેમનો વિશ્વાસ ત્યજી દે.ખ્રિસ્તીઓ પર ધર્મપરિવર્તન કરવા માટે જોર જબરજસ્તી કરવામાં આવી રહેલ છે. ૨૦૧૩ પાકિસ્તાનમાં રહેલ ખ્રિસ્તીઓ માટે ખુબજ ગંભીર સતાવણીનું વર્ષ રહ્યું છે.




સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧



**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨



**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬



**જાહેર ખબર તથા લવાજમના એજન્ટ**

શ્રી આર.એન.રાજગુરુ
નગર ગેઈટ,જામ-ખંભાળીયા
જી.જામનગર
ફોન નં.૯૯૦૯૮૪૭૭૮૭,
૯૯૦૯૩૪૭૭૮૭

શ્રી ભુપેન પરમાર,
આંબેડકરનગર,ઈશ્વરકૃપાનિવાસ
સામે,નાના મહુવા,
કાલાવડ રોડ,રાજકોટ-૫
ફોનઃ ૯૯૨૫૦૬૭૮૫૩

શ્રી પિયુષભાઈ એ. પટેલ,
૧૦૬,સજની
એપાર્ટ,દલાલસ્ટ્રીટ,
ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨



**શાલેમ મેરેજ બ્યુરો**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-

**શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.